# રાજકોટ મહાનગરપાલિકા

ડૉ.આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ

===========================================================

-: અખબારી યાદી:-

## <u>વિવિધ વિસ્તારોની રૂબરૂ મુલાકાત લેતા મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધિ પાની : રસ્તા પરના ખાડા ખોદાણનું મહત્તમ કાર્ય પૂર્ણ ; બાકી રહેલું કામ આજે પુરૂ કરવા સૂચના</u>

**બી.આર.ટી.એસ. ૧૫૦ ફૂટ રિંગ રોડ પરના સાઈકલ ટ્રેક પર વાહનો પાર્ક કરતા લોકો પાસેથી દંડ વસૂલ કરવાનો પણ આદેશ**

તા.૧૫-૬-૨૦૧૯




રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિવિધ વિસ્તારોમાં અન્ડરગ્રાઉન્ડ યુટીલીટીઝની સુવિધાઓ આપવા માટે રસ્તા પર ખાડા ખોદાણ કરવામાં આવે છે અને આ કામ અત્યારે કયા તબક્કે પહોંચ્યું છે તેની જાત માહિતી મેળવવા માટે મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ શહેરના વિવિધ વિસ્તારોની મુલાકાત લીધી

હતી. આ મુલાકાત વિશે માહિતી આપતા મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ એમ કહ્યું હતું કે, શહેરના મુખ્ય માર્ગો પરનું ખોદાણ કામ મહદ અંશે પૂર્ણ થઇ ચૂક્યું છે; જ્યારે મુખ્ય રોડને એપ્રોચ કરતી એ અન્ય શેરીઓમાં જ્યાં ક્યાંય પણ ખોદાણ કરેલું છે તેનું પુરવાનું કામ આજે પૂર્ણ કરી લેવા સંબંધિત શાખાઓને સૂચના આપવામાં આવેલ છે.

આજે બી.આર.ટી.એસ. રૂટ, ૧૫૦ ફૂટ રિંગ રોડ પરની મુલાકાત વિશે કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે, ૧૫૦ ફૂટ રિંગ રોડ પર પેરેલલ રહેલા સાઈકલ ટ્રેક પર વાહન પાર્ક કરનાર લોકો પાસેથી આક્રો દંડ વસૂલ કરવાની સૂચના પણ આપવામાં આવેલ છે.

મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ આજે સવારથી જ શહેરના વિવિધ વિસ્તારો જેવા કે, અમીન માર્ગ, બી.આર.ટી.એસ. રૂટ, જાગનાથ પ્લોટ, રેલનગરમાં સાધુ વાસવાણી કુંજ રોડ, પંચનાથ પ્લોટ, ભુપેન્દ્ર રોડ, કેવડાવાડી શેરી નં.૪,૬,૮,૧૦ તેમજ કરણપરાની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત રામનાથ પરા જેલ સામેનાં વિસ્તારમાં શાળા નં.૧૬ (શ્રી સંત તુલસીદાસ પ્રા. શાળા) ની મુલાકાત લઇ આ શાળાની નવી ઈમારતનાં બાંધકામ કાર્યની પ્રગતિની સમીક્ષા પણ કરી હતી.

આ વિસ્તારોની મુલાકાત દરમ્યાન સંબંધિત શાખાઓના અધિકારીઓ સાથે રહયા હતાં.

(જન સંપર્ક અધિકારી)